# વિકાસનું મુખ્ય સાધન

[ ૧૬ ]

**વિકાસ** મુખ્યત્વે બે પ્રકારના છે: શારીરિક અને માનસિક. શારીરિક વિકાસ કેવળ મનુષ્યોમાં જોવામાં આવે છે એમ નથી, પરંતુ જુદી જુદી જાતનાં પક્ષીઓ તથા જંગલી અને પાળેલાં પશુઓ સુધ્ધાંમાં એનું વિશિષ્ટ અસ્તિત્વ જોવામાં આવે છે. રહેવાની તથા ખાવાપીવા વગેરેની પૂરી સગવડો હોય અને ચિંતા કે ભય ન હોય તો પક્ષી કે પશુ પણ ખૂબ બળવાન તથા હૃષ્ટપુષ્ટ શરીરવાળાં થઈ શકે છે. મનુષ્યના અને પશુપક્ષીઓના શારીરિક વિકાસમાં એક ખાસ ફેર છે અને તે ધ્યાનમાં રાખવા જેવો છે. તે ફેર એ કે મનુષ્યનો શારીરિક વિકાસ કેવળ ખાવા–પીવાની તથા પહેરવા–ઓઢવાની સગવડોથી પૂરેપૂરો થઈ જ નથી શકતો, જ્યારે પશુ–પક્ષી વગેરેનો શારીરિક વિકાસ કેવળ એટલી સગવડોથી પૂરેપૂરો સિદ્ધ થાય છે. મનુષ્યના શારીરિક વિકાસ પાછળ જો પૂરેપૂરો અને ઉચિત મનોવ્યાપાર–બુદ્ધિયોગ હોય તો જ તે સંપૂર્ણપણે તથા ઉચિત રીતે સિદ્ધ થઈ શકે છે, બીજી કોઈ પણ રીતે નહિ. આ પ્રમાણે મનુષ્યનો શારીરિક વિકાસ, જે પશુ–પક્ષી વગેરેના શારીરિક વિકાસ કરતાં જુદા સ્વરૂપનો છે, એનું અસાધારણ તથા મુખ્ય સાધન બુદ્ધિ-યોગ–મનોવ્યાપાર, સંયત પ્રવૃત્તિનિવૃત્તિ એ જ છે. માનસિક વિકાસ તો, જ્યાં સુધી એના પૂર્ણ રૂપનો અત્યાર સુધી સંભવ જોવામાં આવે છે, માત્ર મનુષ્યમાં જ છે. શરીરયોગ, દેહવ્યાપાર જરૂર નિમિત્ત છે. શરીરયોગ વિના માનસિક વિકાસ સંભવિત નથી, તેમ છતાં ગમે તેટલો શરીરયોગ હોય, ગમે તેટલી શારીરિક હૃષ્ટપુષ્ટતા હોય, ગમે તેટલું શરીરબળ હોય, પરંતુ જો મનો-યોગ, બુદ્ધિવ્યાપાર તથા સમુચિત રીતે યોગ્ય દિશામાં મનની ગતિવિધિ ન હોય તો માનસિક વિકાસ–પૂર્ણતાલક્ષી વિકાસ–નો કોઈ દિવસ પણ સંભવ નથી.

આ સંક્ષિપ્ત પ્રસ્તાવનાથી એટલું તો ફલિત થઈ જ જાય છે કે મનુષ્યનો પૂર્ણ તથા સમુચિત શારીરિક તથા માનસિક બેઉ પ્રકારનો વિકાસ કેવળ એક વ્યવસ્થિત તથા જાગ્રત બુદ્ધિયોગની અપેક્ષા રાખે છે. આ ફલિત અર્થમાં તો કોઈનો મતભેદ નથી. અહીંયાં એ વિશે કાંઈ નવું વિધાન કરવાનું નથી તથા એના વિશે કાંઈ વિશેષ ઊહાપોહ પણ કરવાનો નથી. અહીંયાં સંક્ષેપમાં જે કહેવાનું છે તે આની સાથે સંબંધ હોવા છતાં આનાથી જુદા મુદ્દા ઉપર જ કહેવાનું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણે બીજા દેશોની વાત કરવા કરતાં આપણા દેશને જ સામે રાખીને વિચાર કરીએ તો વ્યાવહારિક તથા તાત્ત્વિક દૃષ્ટિએ વિશેષ ઉપયોગી થશે. આપણા દેશમાં આ વાત તો આપણે ગમે ત્યાં જોઈ શકીએ છીએ કે જેઓ ખાવાપીવા વગેરેમાં તથા આર્થિક દૃષ્ટિએ વધારે નિશ્ચિંત છે, જેમને વારસામાં પૈતૃક સંપત્તિ, જમીનદારી કે રાજસત્તા પ્રાપ્ત થાય છે, તેઓ જ મોટે ભાગે માનસિક વિકાસમાં મંદ હોય છે. મોટા મોટા ધનવાનોનાં સંતાનોને જુઓ, રાજપુત્રોને લો કે જમીનદારોને જુઓ. તમને જોવા મળશે કે બહારનો ભપકો કે દેખાવ માટેની સ્ફૂર્તિ હોવા છતાં તેઓમાં મનનો, વિચારશક્તિનો તથા પ્રતિભાનો વિકાસ ઓછામાં ઓછો હશે. બહારનાં સાધનોની એમને કમી નથી, અભ્યાસનાં સાધનો પણ એમની પાસે પૂરેપૂરાં હોય છે, શિક્ષક વગેરે સાધનો એમને યથેષ્ટ હોય છે, છતાં પણ આ વર્ગનો માનસિક વિકાસ એક રીતે બંધિયાર પાણીની જેમ ગતિહીન હોય છે. એનાથી ઊલટું, આપણે એક એવો વર્ગ લઈએ કે જેને વારસામાં કોઈ સ્થૂલ સંપત્તિ મળતી નથી તથા મનોયોગ માટેની બીજી કોઈ વિશિષ્ટ સગવડો પણ સરળતાથી નથી મળતી, છતાં પણ એ જ વર્ગમાંથી અસાધારણ મનોવિકાસવાળી વ્યક્તિઓ પેદા થાય છે. આ તફાવતનું કારણ શું છે એ જ આપણે જોવાનું છે. હોવું તો એમ જોઈએ કે જેઓને વધારે સાધન, અને તે પણ વધારે સરળતાથી, મળતાં હોય તેઓનો જ જલદી તથા વધારે વિકાસ થાય, પરંતુ જોવામાં એનાથી ઊલટું આવે છે. માટે આપણે શોધવું જોઈએ કે વિકાસનું મૂળ કારણ શું છે? મુખ્ય બાબત કઈ છે કે જે ન હોય તો બીજું બધું હોવા છતાં ન હોવા બરાબર બની જાય છે?

ઉપરના પ્રશ્નનો જવાબ તદ્દન સહેલો છે. પ્રત્યેક વિચારક વ્યક્તિ પોતાના જીવનમાંથી તથા આજુબાજુની વ્યક્તિઓના જીવનમાંથી તે મેળવી શકે છે. તે જવાબ એ છે કે જવાબદારી તથા ઉત્તરદાયિત્વ જ વિકાસનું મુખ્ય તથા અસાધારણ બીજ છે. આપણે માનસશાસ્ત્રની દૃષ્ટિએ જોવું પડશે કે જવાબદારીમાં એવી કઈ શક્તિ છે કે જેને લીધે તે બીજાં બધાં વિકાસનાં સાધનોની અપેક્ષાએ મુખ્ય સાધન બની જાય છે? મનનો વિકાસ એના સત્ત્વઅંશની યોગ્ય તથા પૂર્ણ જાગૃતિ પર જ આધાર રાખે છે; જ્યારે રાજસ તથા તામસ અંશ સત્ત્વ કરતાં પ્રબળ થાય છે ત્યારે મનની વિચારશક્તિ—યોગ્ય તથા શુદ્ધ વિચારશક્તિ—કુંઠિત થઈ જાય છે તથા ઢંકાઈ જાય છે. મનનો રાજસ અંશ તથા તામસ અંશ બળવાન થાય છે ત્યારે તેને જ વ્યવહારમાં પ્રમાદ કહે છે. કોણ નથી જાણતું કે પ્રમાદથી વૈયક્તિક તથા સામષ્ટિક બધી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખરાબીઓ થાય છે? જ્યારે માણસ બિનજવાબદાર રહે છે ત્યારે તેની બિનજવાબદારીને લીધે તેના મનની ગતિ કુંઠિત થઈ જાય છે, તથા પ્રમાદનું તત્ત્વ વધવા માંડે છે, જેને યોગશાસ્ત્રમાં મનની ક્ષિપ્ત તથા મૂઢ અવસ્થા કહી છે. જેવી રીતે શરીર ઉપર ગજા ઉપરાંત ભાર લાદવાથી એની સ્ફૂર્તિ તથા એનું સ્નાયુબળ કાર્યસાધક નથી રહેતું, તેવી જ રીતે રજોગુણથી ઉત્પન્ન થયેલ ક્ષિપ્ત અવસ્થાનો ભાર મન ઉપર પડવાથી મનની સ્વાભાવિક સત્ત્વગુણથી ઉત્પન્ન થયેલ વિચારશક્તિ નિષ્ક્રિય થઈ જાય છે. આ પ્રમાણે મનની નિષ્ક્રિયતા, જે વિકાસની એકમાત્ર અવરોધક છે, એનું મુખ્ય કારણ રાજસ તથા તામસ ગુણોનો ઉદ્રેક છે. જ્યારે આપણે આપણા જીવનમાં કોઈ જવાબદારીને નથી લેતા અથવા તો લઈને નથી નભાવતા ત્યારે મનના સાત્ત્વિક અંશની જાગૃતિ થવાને બદલે તામસ તથા રાજસ અંશની પ્રબળતા થવા લાગે છે, તથા મનનો સૂક્ષ્મ તથા સાચો વિકાસ રોકાઈ જઈ કેવળ સ્થૂલ વિકાસ રહી જાય છે અને તે પણ સાચી દિશા તરફ નથી હોતો. આ જ કારણથી બિનજવાબદારીનું તત્ત્વ મનુષ્યજાતિ માટે સૌથી વધારે ભયાનક વસ્તુ છે. તે તત્ત્વ ખરેખર મનુષ્યને મનુષ્યત્વના યથાર્થ માર્ગમાંથી ચ્યુત કરી નાખે છે. આ જ કારણે જવાબદારીનું વિકાસમાં અસાધારણ મહત્ત્વ પણ જણાઈ આવે છે.

જવાબદારી અનેક પ્રકારની હોય છે. કોઈક સમયે તે મોહમાંથી પણ આવે છે. કોઈક યુવક-યુવતીનું જ ઉદાહરણ લો. જે વ્યક્તિ ઉપર જેનો વિશિષ્ટ મોહ હશે તેની પ્રત્યે તે પોતાને જવાબદાર સમજશે, તેની પ્રત્યે જ તે પોતાના કર્તવ્યપાલનનો પ્રયત્ન કરશે. બીજાઓની પ્રત્યે તે ઉપેક્ષા પણ સેવી શકે છે. કોઈક સમયે જવાબદારી સ્નેહ તથા પ્રેમમાંથી આવે છે. માતા પોતાના બચ્ચા પ્રત્યે એ સ્નેહને વશ થઈને કર્તવ્યપાલન કરે છે, પણ બીજાંનાં બચ્ચાંઓ પ્રત્યે તે કર્તવ્યનો વિચાર ભૂલી પણ જાય છે. કોઈક વખત જવાબદારી ભયમાંથી આવે છે. જો કોઈને ભય હોય કે આ જંગલમાં રાત્રે કે દિવસે વાઘ આવે છે તો તે અનેક પ્રકારે જાગ્રત રહી બચવાનું કર્તવ્ય કરશે, પરંતુ ભયનું નિમિત્ત ચાલ્યું જતાં જ તે ફરીથી નિશ્ચિંત થઈ પોતાની તથા બીજાની પ્રત્યેનાં કર્તવ્યોને ભૂલી જશે. એ જ પ્રમાણે લોભવૃત્તિ, પરિગ્રહાકાંક્ષા, ક્રોધભાવના, બદલો લેવાની વૃત્તિ, માન, મત્સર વગેરે અનેક રાજસ તથા તામસ અંશોથી જવાબદારી થોડી કે વધારે, એક કે બીજા રૂપમાં ઉત્પન્ન થઈ મનુષ્યના જીવનનું આર્થિક તથા સામાજિક ચક્ર ચલાવે છે. પરંતુ એ ધ્યાન રાખવાનું છે કે અહીંયાં વિકાસના, વિશિષ્ટ વિકાસના તથા પૂર્ણ વિકાસના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસાધારણ તથા મુખ્ય સાધનરૂપે જે જવાબદારીનો સંકેત કરવામાં આવ્યો છે તે જવાબદારી આ બધીયે મર્યાદિત તથા સંકુચિત જવાબદારીથી જુદી તથા પર છે, કારણ કે તે જવાબદારી કોઈ એક આંશિક તથા સંકુચિત ભાવ ઉપર અવલંબિત નથી. તે જવાબદારી બધાની પ્રત્યે, સદાને માટે, બધાં સ્થળોએ, એકસરખી હોય છે; ભલે પછી તે પોતાની પ્રત્યે જોવામાં આવે કે કૌટુંબિક, સામાજિક, રાષ્ટ્રિય તથા આધુનિક પ્રત્યેક વ્યવહારમાં કામમાં લેવાતી હોય. તે જવાબદારી એક એવા ભાવમાંથી ઉત્પન્ન થાય છે કે જે ક્ષણિક નથી, સંકુચિત નથી કે મલિન નથી. તે ભાવ પોતાની જીવનશક્તિનો યથાર્થ અનુભવ કરવાનો છે. જ્યારે આ ભાવમાંથી જવાબદારી પ્રગટે છે ત્યારે તે ક્યારેય, રોકાતી નથી. સૂતાં–જાગતાં, સતત વેગવાળી નદીના પ્રવાહની જેમ, તે પોતાના માર્ગ ઉપર કામ કરે છે. તે સમયે મનનો ક્ષિપ્ત તથા મૂઢ ભાવ મનમાં ફરકી નથી શકતો. તે સમયે મનમાં નિષ્ક્રિયતા કે કુંઠિતતાના સંચારનો સંભવ જ નથી હોતો. આ જ જવાબદારીની સંજીવની શક્તિ છે, જેને કારણે તે બીજાં બધાં સાધનો ઉપર આધિપત્ય ધરાવે છે અને જે પામરથી પામર, ગરીબથી ગરીબ, દુર્બળથી દુર્બળ તથા તુચ્છથી પણ તુચ્છ ગણાતા કુલ તથા પરિવારમાં જન્મેલ વ્યક્તિને સંત, મહંત, મહાત્મા તથા ઈશ્વરના અવતાર જેવી બનાવે છે.

ઉપરના વર્ણનથી અત્યાર સુધી એટલું તો ફલિત થયું છે કે માનવીય વિકાસનો એકમાત્ર આધાર જવાબદારી જ છે. જવાબદારી પણ કોઈ એક ભાવથી સંચાલિત નથી થતી. અસ્થિર, સંકુચિત તથા ક્ષુદ્ર ભાવોથી પણ જવાબદારી પ્રવૃત્ત થાય છે અને સ્થિર, વ્યાપક તથા શુદ્ધ ભાવથી પણ તે પ્રવૃત્ત થાય છે. મોહ, સ્નેહ, ભય, લોભ વગેરે ભાવો પહેલા પ્રકારના છે અને જીવનશક્તિનો યથાર્થ અનુભવ એ બીજા પ્રકારનો ભાવ છે.

હવે આપણે એ વિચારવું રહ્યું છે કે જવાબદારીના પ્રેરક, ઉપરના એ પ્રકારના ભાવોમાં પરસ્પર શો ફરક છે, તથા જો પહેલા પ્રકારના ભાવો કરતાં બીજા પ્રકારના ભાવોમાં શ્રેષ્ઠતા છે તો તે કયા કારણે છે? જો આ વિચાર સ્પષ્ટ થઈ જાય તો પછી ઉપરના બેઉ પ્રકારના ભાવો ઉપર આધાર રાખવાવાળી જવાબદારીઓનો ફરક તથા તેમની શ્રેષ્ઠતા અને કનિષ્ઠતા પણ ધ્યાનમાં આવી જશે.

મોહમાં રસાનુભૂતિ છે તથા સુખસંવેદન પણ થાય છે, પરંતુ તે એટલું બધું પરિમિત અને એટલું બધું અસ્થિર છે કે એના આદિ, મધ્ય કે અંતની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો શું વાત, એના પ્રત્યેક અંશમાં શંકા, દુઃખ તથા ચિન્તાનો ભાવ ભરેલો હોવાને કારણે ઘડિયાળના લોલકની જેમ તે મનુષ્યના ચિત્તને અસ્થિર રાખે છે. ધારો કે યુવક કે યુવતી પોતાના પ્રેમપાત્ર પ્રત્યે સ્થૂળ મોહને કારણે ખૂબ જ દત્તચિત્ત રહે છે; એની પ્રત્યે કર્તવ્ય પાળવામાં કોઈ પણ ત્રુટિ આવવા નથી દેતાં. એમાં એને રસાનુભવ તથા સુખસંવેદન પણ થાય છે. તોપણ ઝીણવટથી પરીક્ષા કરવામાં આવે તો જણાઈ આવશે કે તે સ્થૂળ મોહ જો સૌન્દર્ય કે ભોગલાલસામાંથી ઉત્પન્ન થયો હશે તો કોણ જાણે કઈ ક્ષણે તે નષ્ટ થઈ જશે, કઈ ક્ષણે તે ઓછો થઈ જશે કે બીજા રૂપમાં ફેરવાઈ જશે. જે ક્ષણે યુવક કે યુવતીને પ્રથમના પ્રેમપાત્ર કરતાં બીજું કોઈ વધારે સુંદર, વધારે સમૃદ્ધ, વધારે બળવાન કે વધારે અનુકૂળ પ્રેમપાત્ર મળશે એ જ ક્ષણે એનું ચિત્ત પ્રથમના પાત્ર તરફથી ખસી જઈ બીજા તરફ ઝૂકશે. એ ઝૂકવાની સાથે જ પ્રથમ પાત્રની પ્રત્યે કર્તવ્યપાલનનું ચક્ર, જે પહેલાંથી ચાલતું હતું, તેની ગતિ તથા દિશા બદલાઈ જશે. બીજા પાત્ર પ્રત્યે પણ તે ચક્ર યોગ્યરૂપે ચાલી નહિ શકે તથા મોહનો રસાનુભવ, જે કર્તવ્યપાલનથી સંતુષ્ટ થઈ રહ્યો હતો તે રસાનુભવ, કર્તવ્યપાલન કરવાથી કે નહિ કરવાથી અતૃપ્ત જ રહેશે. માતા મોહવશ થઈ પોતાથી ઉત્પન્ન થયેલ બાળક પ્રત્યે પોતાનું જે કાંઈ પણ હોય તે બધું અર્પણ કરી રસાનુભવ કરે છે, પરંતુ એની પાછળ જો કેવળ મોહનો ભાવ હોય તો રસાનુભવ તદ્દન અસ્થિર તથા સંકુચિત થઈ જાય છે. ધારો કે તે બાળક મરી ગયું અને એના બદલામાં એના કરતાં પણ વધારે સુંદર તથા વધારે હૃષ્ટપુષ્ટ બાળક ઉછેરવા માટે મળ્યું કે જે બિલકુલ માતૃહીન હોય; પરંતુ આવા નિરાધાર તથા સુંદર બાળકને મેળવીને પણ તે બાળકરહિત થયેલ માતા તે નિરાધાર અને સુંદર બાળક પ્રત્યે કર્તવ્યપાલન કરવામાં આનંદ કે રસાનુભવ નહિ માને, જે તે પોતાથી ઉત્પન્ન થયેલ પોતાના બાળક પ્રત્યે કર્તવ્યપાલન કરવામાં માનતી હતી. આનું કારણ શું છે? બાળક તો પહેલા કરતાં પણ વધારે સારું મળ્યું છે. એ માતામાં બાળકની સ્પૃહા તથા અર્પણ કરવાની વૃત્તિ પણ છે. પેલું નિરાધાર બાળક પણ માતા વિનાનું હોવાથી આવી બાળકની અપેક્ષા રાખતી માતાની પ્રેમવૃત્તિનું અધિકારી છે. તોપણ તે માતાનું ચિત્ત તે બાળક પ્રત્યે મુક્ત ધારાથી નથી વહેતું. એનું કારણ એક જ છે અને તે એ કે તે માતાની સર્વસ્વ ન્યોછાવર તથા અર્પણ કરવાની વૃત્તિનો પ્રેરક ભાવ કેવળ મોહ હતો, જે સ્નેહ હોવા છતાં પણ વ્યાપક તથા શુદ્ધ ન હતો. આ કારણથી તે માતાના હૃદયમાં એ ભાવ હોવા છતાં એમાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્તવ્યપાલનના ફુવારા નથી ઊડતા, અંદર ને અંદર એના હૃદયને દબાવીને સુખીને બદલે—ખાધેલા, પણ નહિ પચેલ અન્નની જેમ—એને દુઃખી કરે છે. આવું નહિ પચેલું અન્ન નથી લોહી બનીને શરીરને પણ સુખ પહોંચાડતું કે નથી બહાર ન નીકળવાને કારણે શરીરને પણ હલકું કરતું; અંદર ને અંદર સડી શરીરને તથા ચિત્તને અસ્વસ્થ કરે છે. આ જ સ્થિતિ કર્તવ્ય-પાલનમાં નહિ ફેરવાયેલ એવા તે માતાના સ્નેહભાવની હોય છે. આપણે કોઈક સમયે ભયને કારણે રક્ષણને માટે ઝૂંપડી બનાવી તથા એની સંભાળ પણ રાખી, ભયને કારણે બીજાઓથી બચવા માટે અખાડામાં કસરત કરી બળ પણ મેળવ્યું, કવાયત તથા નિશાનબાજીથી સૈનિકશક્તિ પણ મેળવી, આક્રમણને સમયે—ભલે એ આક્રમણ પોતાના ઉપર, કુટુંબ ઉપર કે સમાજ ઉપર કે રાષ્ટ્ર ઉપર હોય—એક સૈનિકની રીતે કર્તવ્યપાલન કર્યું, પરંતુ પોતાના ઉપર અથવા આપણે જેને પોતાનો ગણ્યો હતો તેના ઉપર ભય ન રહ્યો હોય, પણ જેને આપણે પોતાનો નથી સમજતા કે જે રાષ્ટ્રને આપણે પોતાનું રાષ્ટ્ર નથી સમજતા તેના ઉપર, આપણા ઉપર આવેલ ભય કરતાં પણ પ્રચંડ ભય આવી પડે ત્યારે, આપણી ભયમાંથી બચાવવાની શક્તિ આપણને કર્તવ્યપાલનમાં કદી પણ પ્રવૃત્ત નહિ કરે. આપણામાં ભયથી બચવાની કે બચાવવાની કેટલીયે શક્તિ કેમ ન હોય, પરંતુ તે શક્તિ જો સંકુચિત ભાવથી ઉત્પન્ન થઈ હોય તો જરૂરિયાત હોવા છતાં તે કામમાં નહિ આવે અને જ્યાં જરૂરિયાત નહિ હોય અથવા તો ઓછી જરૂરિયાત હશે ત્યાં પણ ખર્ચાશે. હમણાં જ આપણે જોયું કે યુરોપનાં તથા બીજાં રાષ્ટ્રો પાસે ભયથી બચવાની તથા બચાવવાની અસીમ શક્તિ હોવા છતાં અને ભયગ્રસ્ત એબિસીનિયાએ સેંકડો વિનંતી કરવા છતાં તેને કાંઈ પણ મદદ તે રાષ્ટ્રો ન કરી શક્યાં. આ પ્રમાણે ભયજનિત કર્તવ્યપાલન પણ અધૂરું જ હોય છે તથા મોટેભાગે ઊલટું પણ હોય છે. આમ મોહની કોટિમાં ગણાતા બધાયે ભાવોની એક જ સરખી વ્યવસ્થા છે અને તે એ કે એ ભાવો તદ્દન અધૂરા, અસ્થિર તથા મલિન હોય છે.

જીવનશકિતનો યથાર્થ અનુભવ એ જ બીજા પ્રકારનો ભાવ છે જે ઉદય પામતાં ચલિત કે નષ્ટ પણ નથી થતો. એક પ્રશ્ન થઈ શકે છે કે જીવન-શકિતના યથાર્થ અનુભવમાં કયું એવું તત્ત્વ છે કે જેને કારણે તે સદા સ્થિર, વ્યાપક તથા શુદ્ધ રહે છે. એનો ઉત્તર મેળવવા માટે જીવનશકિતના સ્વરૂપ ઉપર થોડો વિચાર કરવો પડશે.

આપણે આપણા મનમાં જ વિચારીએ અને જોઈએ કે જીવનશક્તિ એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કઈ વસ્તુ છે. કોઈ પણ સમજુ વ્યક્તિ શ્વાસોચ્છ્વાસ કે પ્રાણને જીવનની મૂળ આધારશક્તિ માની નહિ શકે, કારણ કે કોઈ કોઈ સમયે ધ્યાનની વિશિષ્ટ અવસ્થામાં પ્રાણનો સંચાર ચાલુ ન રહેવા છતાં જીવનશક્તિ એમ ને એમ રહે છે. આ ઉપરથી માનવું પડે છે કે આધારભૂત શક્તિ કોઈ બીજી જ છે. અત્યાર સુધીના બધાયે આધ્યાત્મિક સૂક્ષ્મ અનુભવીઓએ એ આધાર-શક્તિને ચેતના કહી છે. ચેતના એવી એક સ્થિર તથા પ્રકાશમાન શક્તિ છે કે જે શારીરિક, માનસિક તથા ઇન્દ્રિયવિષયક વગેરે બધાંયે કાર્યો ઉપર જ્ઞાનનો, સમજનો, પરિજ્ઞાનનો પ્રકાશ સતત ફેંક્યા કરે છે. ભલે ઇન્દ્રિયો કોઈ પણ પ્રવૃત્તિ કરે, ભલે મન ગમે ત્યાં ગતિ કરે, ભલે શરીર કોઈ પણ વ્યાપાર કરે, પરંતુ એ બધાંનું સતત ભાન કોઈ એક શક્તિને થોડું થોડું થયા જ કરે છે. આપણે દરેક અવસ્થામાં આપણી શારીરિક, ઇન્દ્રિયવિષયક તથા માનસિક ક્રિયાઓથી જે થોડા પરિચિત રહ્યા કરીએ છીએ તે કયા કારણે? જે કારણ-થી આપણને આપણી ક્રિયાઓનું સંવેદન થાય છે એ જ ચેતનાશક્તિ છે, તથા આપણે એનાથી વધારે કે ઓછા કશું પણ નથી. ચેતનાની સાથે ને સાથે જ બીજી એક શક્તિ ઓતપ્રોત છે, જેને સંકલ્પશક્તિ કહેવામાં આવે છે. ચેતના જે કાંઈ પણ સમજે કે વિચારે તેને કાર્યાન્વિત કરવું કે મૂળ રૂપમાં લાવવું એ જો ચેતનાની સાથે બીજું કોઈ બળ ન હોય તો ન બની શકે અને ચેતનાની બધીયે સમજ નકામી જાય તથા આપણે જ્યાંના ત્યાં જ રહીએ. આપણે અનુભવ કરીએ છીએ કે સમજણ કે દર્શન અનુસાર એક વાર સંકલ્પ થયો કે ચેતના પૂર્ણરૂપે કાર્યાભિમુખ થાય છે; જેમ કે કૂદનાર વ્યક્તિ કૂદવાનો સંકલ્પ કરે છે તો બધુંયે બળ એકઠું થઈને એને કુદાવી નાખે છે. સંકલ્પશક્તિનું કામ બળને વિખેરાઈ જતાં રોકવાનું છે. સંકલ્પ-શક્તિનું બળ મળતાં જ ચેતના ગતિશીલ થાય છે તથા પોતાનું સાધ્ય સિદ્ધ કરીને જ સંતોષ પામે છે. આ ગતિશીલતાને ચેતનાનું વીર્ય સમજવું જોઈએ. આ પ્રમાણે જીવનશક્તિના મુખ્ય ત્રણ અંશ છે: ચેતના, સંકલ્પ તથા વીર્ય કે બળ. આ ત્રણ અંશવાળી શક્તિને જ જીવનશક્તિ સમજવી, જેનો અનુભવ આપણને દરેક નાનામોટા સર્જનકાર્યમાં થાય છે. જો સમજણ ન હોય, સંકલ્પ ન હોય તથા પુરુષાર્થ—વીર્યગતિ ન હોય તો કોઈ પણ સર્જન થઈ જ નથી શકતું. એ ધ્યાનમાં રાખવાનું છે કે જગતમાં એવો કોઈ પણ નાનો કે મોટો જીવનધારણ કરનાર શરીરી નથી કે જે કોઈ ને કોઈ પ્રકારનું સર્જન ન કરતો હોય. આ ઉપરથી પ્રાણીમાત્રમાં ઉપર દર્શાવેલ ત્રણ અંશવાળી જીવનશક્તિ છે તે સમજાય છે. આમ તો આવી શક્તિનો જેવી રીતે આપણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતે પોતાનામાં પ્રત્યક્ષ અનુભવ કરીએ છીએ એવી જ રીતે બીજાં પ્રાણીઓનાં સર્જન કાર્યથી તેઓમાં રહેલી તે શક્તિનું અનુમાન કરી શકીએ છીએ, છતાં એનો અનુભવ, અને તે પણ યથાર્થ અનુભવ, એક અલગ વસ્તુ છે.

સામે ઊભેલી દીવાલને કોઈ 'નથી' એમ કહે તોપણ આપણે માની શકતા નથી. આપણે તો તે સામી રહેલ દીવાલના અસ્તિત્વનો જ અનુભવ કરીશું. એ જ પ્રમાણે સામી ઊભેલી દીવાલના અનુભવની જેમ પોતાનામાં તથા બીજામાં રહેલ ત્રણ અંશવાળી શક્તિના અસ્તિત્વનો તથા એના સામર્થ્યનો અનુભવ કરવો એ જ જીવનશક્તિનો યથાર્થ અનુભવ કર્યો ગણાય.

જ્યારે આવો અનુભવ પ્રકટ થાય છે ત્યારે પોતાની પ્રત્યે તથા બીજા પ્રત્યે જીવનદૃષ્ટિ બદલાઈ જાય છે. પછી તો એવો ભાવ ઉત્પન્ન થાય છે કે સર્વત્ર ત્રિઅંશી જીવનશક્તિ (સચ્ચિદાનંદ) કાં તો અખંડ કે એક છે, કાં તો સર્વત્ર સમાન છે. કોઈને સંસ્કાર–અનુસાર અખંડાનુભવ થાય કે કોઈને સમાનતાનો અનુભવ, પરંતુ એનાથી પરિણામમાં કાંઈ પણ ફેર નથી પડતો. અભેદદૃષ્ટિ ધારણ કરનાર બીજાની પ્રત્યે એ જ જવાબદારી રાખશે, જે એ પોતાની પ્રત્યે રાખતો હશે. વાસ્તવિક રીતે એની જવાબદારી કે કર્તવ્યદૃષ્ટિ પોતાના તથા પારકાના ભેદથી ભિન્ન નથી થતી. એ જ પ્રમાણે સામાન્ય દૃષ્ટિ ધારણ કરનાર પણ પોતાના અને પારકાના ભેદથી કર્તવ્યદૃષ્ટિમાં કે જવાબદારીમાં તારતમ્ય નથી કરી શકતો.

મોહકોટિમાં ગણાતા ભાવોથી પ્રેરિત જવાબદારી કે કર્તવ્યદૃષ્ટિ એકસરખી અખંડ કે આવરણરહિત નથી હોતી, જ્યારે જીવનના યથાર્થ અનુભવથી પ્રેરિત જવાબદારી કે કર્તવ્યદૃષ્ટિ હંમેશાં એકસરખી તથા નિરાવરણ હોય છે, કારણ કે તે ભાવ રાજસ અંશથી નથી આવ્યો હોતો તથા તે તામસ અંશથી અભિભૂત પણ નથી થઈ શકતો. તે ભાવ સાહજિક છે —સાત્ત્વિક છે.

મનુષ્ય જાતિને સૌથી મોટી કીમતી કુદરતી બક્ષિસ મળી છે તે સાહજિક ભાવને ધારણ કરવાનું કે ઉત્પન્ન કરવાનું સામર્થ્ય તથા યોગ્યતા છે. તે અસાધારણ વિકાસનું મુખ્ય સાધન છે. મનુષ્યજાતિના ઇતિહાસમાં બુદ્ધ, મહાવીર વગેરે અનેક સંત મહન્તો થઈ ગયા છે કે જેઓએ સેંકડો વિઘ્નો આવવા છતાં પણ મનુષ્યજાતિના ઉદ્ધારની જવાબદારીમાંથી કોઈ પણ દિવસ પોતાનો પગ પાછો નહોતો ફેરવ્યો. પોતાના શિષ્યના પ્રલોભન દ્વારા સોક્રેટિસ મૃત્યુના મુખમાંથી બચી શકતો હતો, પરંતુ તેણે શારીરિક જીવન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતાં આધ્યાત્મિક જીવનને પસંદ કર્યું અને મૃત્યુ એને ડરાવી ન શક્યું. જિસસ ક્રાઇસ્ટે પોતાનો નૂતન પ્રેમસંદેશ આપવાની જવાબદારી અદા કરવામાં શૂળીને સિંહાસન માન્યું. આવાં પ્રાચીન ઐતિહાસિક ઉદાહરણોની સત્યતા વિશે જાગતી શંકાને દૂર કરવા માટે જ જાણે કે ગાંધીજીએ હમણાં હમણાં જે ચમત્કાર બતાવ્યો છે તે સર્વવિદિત છે. એમને હિન્દુત્વ–આર્યત્વના નામે પ્રતિષ્ઠાપ્રાપ્ત બ્રાહ્મણ તથા શ્રમણની સેંકડો કુરૂઢિ–પિશાચિનીઓ ચલિત ન કરી શકી. હિન્દુ–મુસલમાનોની દંડાદંડી, શસ્ત્રાશસ્ત્રી પણ એમને કર્તવ્યચલિત ન કરી શકી કે મૃત્યુ પણ એમને ડરાવી ન શક્યું. તે આપણા જેવા જ માણસ હતા. તો પછી એવું કયું કારણ છે કે જેને લીધે એમની કર્તવ્ય–દૃષ્ટિ કે જવાબદારી આવી સ્થિર, વ્યાપક તથા શુદ્ધ હતી, જ્યારે આપણી એનાથી તદ્દન વિપરીત છે? આનો જવાબ સીધો છે કે આવા પુરુષોમાં જવાબદારી કે કર્તવ્યદૃષ્ટિનો પ્રેરક ભાવ જીવનશક્તિના યથાર્થ અનુભવમાંથી આવેલો હોય છે, જે આપણામાં નથી.

આવા પુરુષોને જીવનશક્તિનો જે યથાર્થ અનુભવ થયો છે એને જ જુદા જુદા દાર્શનિકો જુદી જુદી પરિભાષામાં વર્ણવે છે. કોઈ એને આત્મ-સાક્ષાત્કાર કહે છે તો કોઈ બ્રહ્મસાક્ષાત્કાર કે ઈશ્વરદર્શન કહે છે. પરંતુ એમાં કાંઈ પણ ફરક નથી. ઉપરના વર્ણનથી મેં એ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે મોહજનિત ભાવો કરતાં જીવનશક્તિનો યથાર્થ અનુભવજનિત ભાવ કેટલો અને શા માટે શ્રેષ્ઠ છે તથા એનાથી પ્રેરિત કર્તવ્યદૃષ્ટિ તથા જવાબદારી કેટલી શ્રેષ્ઠ છે. તે વસુધાને કુટુંબ સમજે છે, તે એ જ શ્રેષ્ઠભાવને કારણે. આવો ભાવ શબ્દોથી નથી આવી શકતો, અંદરથી જાગે છે; અને એ જ માનવના પૂર્ણ વિકાસનું મુખ્ય સાધન છે. એની પ્રાપ્તિ માટે જ અધ્યાત્મશાસ્ત્ર છે, યોગમાર્ગ છે તથા એની સાધના એ જ માનવજીવનની કૃતાર્થતા છે.

—બુદ્ધિપ્રકાશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org